સંક્ષિપ્ત સમાચાર

દીપક ગ્રુપનું દહેજમાં 50 એકરમાં મેન્ગ્રોવ વનીકરણ અભિયાન

ભરૂચ: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દીપક ગ્રુપ દ્વારા સમુદાય-આધારિત મેન્ગ્રોવ વનીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાતના દહેજ નજીક પણીયાદ્રા દરિયાકાંઠે 50 એકરના સંવેદનશીલ દરિયા કાંઠાના માર્શલેન્ડ્સમાં એવિસેનિયા મરીના પ્રજાતિના મેન્ગ્રોવનું વાવેતર કરવામાં આવ્યું છે. દરિયા કાંઠાના ગ્રામજનો અને પ્રોજેક્ટ ટીમ સાથે ખભે ખભો મિલાવીને કામ કરતા દીપક ગ્રુપના કર્મચારીઓ, સ્વયંસેવકો અને સ્થાનિક નાગરિકોએ આ હરિયાળી ઝુંબેશમાં ભાગ લીધો હતો. એવિસેનિયા મરીના એક કઠિન, મીઠા-સહિષ્ણુ મેન્ગ્રોવ પ્રજાતિ છે જે દરિયાકાંઠાના ગુજરાતના કુદરતી સંરક્ષણની કરોડરજ્જુ માનવામાં આવે છે. દીપક ગ્રુપ દ્વારા ગુજરાતના દહેજ સહિત નંદેસરી, સાવલી, મહારાષ્ટ્રના રોહા, તલોજા અને તેલંગાણાના હૈદરાબાદ સહિત વિવિધ સ્થળોએ વ્યાપક વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ હાથ ધરી કુલ 1500થી વધુ છોડ વાવવામાં આવ્યા છે. આ પ્રસંગે 'ઇકો સોલ્જર્સ' તૈયાર કરવા માટે વિષય નિષ્ણાતો સાથે ઇન્ટરેક્ટિવ ચર્ચાઓ યોજાઈ અને સહભાગીઓને 'ગ્રીન ચેમ્પિયન' પ્રશંસાપત્રો એનાયત કરાયાં હતાં.

બારડોલીમાં માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ દ્વારા રાહત દરે નોટબુક વિતરણ

બારડોલી: શિક્ષણને પ્રોત્સાહન આપવા અને જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાના આશય સાથે બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ દ્વારા સમાજના પ્રમુખ અને વિસ્તારના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતા તથા સીધી આગેવાની હેઠળ આ રાહત દરે નોટબુક વિતરણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ ભગીરથ કાર્ય બારડોલીના બાબેનમાં 'સ્વ. રમણભાઈ સુખાભાઈ પરમાર સાંસ્કૃતિક ભવન' ખાતે યોજવામાં આવ્યું હતું. મંડળ દ્વારા રાહત દરે ૧૨ નંગ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય અભિયાન અંતર્ગત 600 ડઝનથી વધુ નોટબુક્સ નું વિતરણ કરીને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સીધો લાભ પહોંચાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય અને સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના ઉત્થાનની ચાવી છે અને કોઈ પણ બાળક આર્થિક સંકડામણને કારણે શિક્ષણથી વંચિત ન રહેવો જોઈએ. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, આમંત્રિત સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

દેવલીયા ગામમાં આઘેડનો આપઘાત

રાજપીપળા: તિલકવાડાના દેવલીયા ગામની સીમમાંથી એક આઘેડનો લીમડાના ઝાડ પર ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મળતી માહિતી મુજબ મહીસાગરના વીરપુરના મોતીબાર ટીંબા ફળિયામાં રહેતા ૫૭ વર્ષીય બળવંતભાઈ મનાભાઈ પરમાર ગત તા.૨૫/૪/૨૦૨૬ના રોજ સવારે કોઈને પણ કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. દરમિયાન ૫ જૂનના રોજ સવારે દેવલીયા ગામની સીમમાં એક લીમડાના ઝાડ પર તેમનો ફાંસો ખાધેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે સ્થાનિક લોકોએ જાણ કરતાં તિલકવાડા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો લીધો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

લીમપુરા ગામમાં કાર અડફેટે એક ઘાયલ

રાજપીપળા: તિલકવાડાના લીમપુરા ગામના પાટિયા પાસે માર્ગ અકસ્માત સર્જાયો હતો. લીમપુરા ગામમાં જવા માટે ગોરધનભાઈ બોબાભાઈ ભીલ પોતાની મોટરસાયકલ નં.(GJ 16 BM 2225) લઈને ડિવાઇડર કટ પાસે ઊભા હતા. દરમિયાન ડભોઇ રોડ તરફથી પૂરઝડપે આવી રહેલી કાર નં.(GJ 06 KD 2903)ના ચાલકે મોટરસાઇકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગોરધનભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને પગની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. તિલકવાડા પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાયબર કેસમાં ફરાર આરોપીને ભરૂચ પોલીસે જૂનાગઢથી ઝડપી પાડ્યો

ભરૂચ: છેલ્લા છ મહિનાથી સાયબર ક્રાઇમના ગંભીર ગુનામાં ફરાર ચાલી રહેલા લિસ્ટેડ આરોપીને ભરૂચ પોલીસની પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે જૂનાગઢથી ઝડપી લીધો હતો. ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડને બાતમી મળતી હતી કે, ભરૂચ સાયબર ગુનામાં લિસ્ટેડ આરોપી કુલદીપ ઉર્ફે કૌશલ કંચતીભાઈ કાનપરા (ઉ.વ.26) છે. તે જૂનાગઢના વોશીપુરા, રાધિકા પાર્ક, શેરી નં.2, નવશ્વાસ સિટી પાછળ, દાંતેવ ડુપ્લેક્ષ ખાતે રહેતો હતો. જેને લઈ પેરોલ ફર્લો પોલીસે વોન્ટેડ આરોપીને ઝડપી ભરૂચ સાયબર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

ભરૂચમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શૈક્ષણિક કિટનું વિતરણ

ભરૂચ: ભરૂચના ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પાંજરાપોળ, શક્તિનાથ ખાતે વિનામૂલ્યે શૈક્ષણિક કિટ વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કાશ્મીરાબેન સંવત (મહિલા બાળ વિકાસ અધિકારી, ભરૂચ), ભગુભાઈ પ્રજાપતિ (ટ્રસ્ટી, નારાયણ વિદ્યાલય), રાહુલભાઈ શાહ (મેનેજર, Deccane Fine) અને બીપીનભાઈ શાહ (એમ.ડી., પાંજરાપોળ, ભરૂચ) ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન આશરે 100થી 1200 વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શૈક્ષણિક કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તો ધો.10 અને 12 પછી ઉચ્ચ અભ્યાસ તેમજ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન પ્રમુખ પરેશ મેવાડા, ટ્રસ્ટના હોદ્દેદારો, સ્વયંસેવકો અને સહયોગીઓએ જહેમત ઉઠાવી હતી.

ભરૂચની જુમ્મા મસ્જિદનું વિવાદી બાંધકામ તોડાયું, દરવાજો સીલ

મંજૂરી લીધા વગર વધારાનું બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદો બાદ તપાસ થઈ હતી

ભરૂચ: ભરૂચ શહેરની ઐતિહાસિક અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાતી જુમ્મા મસ્જિદ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. લગભગ છ મહિનાથી ચાલી રહેલા વિવાદ વચ્ચે સોમવારે સવારથી પુરાતત્ત્વ વિભાગની મંજૂરી વિના કરવામાં આવેલા વધારાના બાંધકામને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન મસ્જિદના પાછળના ભાગે આવેલા એક દરવાજાને પણ સીલ કરવામાં આવ્યો હતો.

જુમ્મા મસ્જિદને લઈને કેટલાંક સંગઠનો દ્વારા આ સ્થળ પ્રાચીન જૈન સ્મારક અથવા જૈન સમરી વિહાર અને ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હોવાનો દાવો કરાતાં વિવાદ સતત ચાલી રહ્યો હતો. આ મુદ્દે વિવિધ સ્તરે રજૂઆતો, વિરોધ અને આંદોલનો પણ થયાં હતાં.

પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતા સ્મારક વિસ્તારમાં જરૂરી મંજૂરી લીધા વગર વધારાનું બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદો બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. નિયમો અનુસાર વજુ ખાનાના આ વધારાના બાંધકામને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ભરૂચ બી ડિવિઝન પોલીસ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર તૈનાત કરવામાં આવ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અધિકારીઓ અને કર્મચારીઓએ વધારાના બાંધકામને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. સ્થાનિકોમાં આ કાર્યવાહી અંગે ભારે ચર્ચા ચાલી રહી છે. ઐતિહાસિક સ્મારકોના સંરક્ષણ અને કાયદાકીય જોગવાઈઓના પાલનને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જો કે, સમગ્ર મામલે સંબંધિત વિભાગો તરફથી સત્તાવાર નિવેદન બાદ જ વધુ વિગતો સ્પષ્ટ થશે.

આ અંગે આંદોલન કરનારા શંકરાચાર્ય મઠના વ્યવસ્થાપક મુક્તાનંદ સ્વામીએ જણાવ્યું હતું કે, "ઐતિહાસિક જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામી જન્મસ્થળી જેવા રાષ્ટ્રીય ધરોહરના સંરક્ષણ માટે 'રાષ્ટ્રીય ધરોહર સંરક્ષણ સમિતિ' છેલ્લાં અઢી વર્ષથી પ્રયત્નશીલ છે. મુખ્ય ઉદ્દેશ પુરાતત્ત્વ વિભાગના નીતિ-નિયમો મુજબ આ ધરોહરનું યોગ્ય સંચાલન અને સુરક્ષા થાય તે છે. આ સ્થળ સરકારી દેખરેખ હેઠળ હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું છે." તેમણે વધુમાં જણાવ્યું કે તાજેતરમાં કલેક્ટર અને ASIના અધિકારીઓ સાથેની બેઠક બાદ સકારાત્મક કાર્યો શરૂ થયાં છે. જો કે, સંરક્ષિત સ્મારકની 100 મીટરની ત્રિજ્યામાં આવેલાં કેટલાંક મકાનોનાં ગેરકાયદે બાંધકામથી ધરોહરને નુકસાન થઈ રહ્યું છે, જે બાબતે ભવિષ્યમાં યોગ્ય પગલાં લેવાશે તેવી અપેક્ષા છે. તેમણે સમગ્ર સમાજને આ ધરોહરના મહત્ત્વને સમજીને સંરક્ષણ કાર્યમાં જોડાવાની અપીલ કરી છે.

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરની સર્વાઈવલ ટેક્નોલોજી કંપનીમાં આગ ફાટી નીકળી

ફાયર વિભાગના બે ફાયર ટેન્ડરોએ આગ ઉપર કાબૂ મેળવ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલ સર્વાઇવલ ટેક્નોલોજી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગનાં બે ફાયર ટેન્ડરોએ દોડી આવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી સર્વાઇવલ ટેક્નોલોજી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળતાં કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગ લાગતાં કંપનીના પરિસરમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊડતા નજરે ચઢ્યા હતા. જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ડીપીએમસી ફાયર વિભાગના બે ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો. જેના કારણે આગ વધુ ફેલાતી અટકાવી શકાઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.આગ અંગે સંબંધિત તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સાયણની બાલાજી ઈન્ડસ્ટ્રિઝની આગમાં 1.74 કરોડનું નુકસાન

નુકસાની અંગે ફેક્ટરી માલિકે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

સાયણ: સાયણ: સાયણમાં 'બાલાજી ઇન્ડસ્ટ્રિઝ'ના પ્લોટ નંબર-૮૮ અને ૮૯માં 'કૈલાસ સિન્થેટીક્સ' નામની યાર્ન બનાવતી ફેક્ટરીમાં ગત રવિવારે સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે ફાયર બ્રિગેડની ચાર ટીમોની આકરી જહેમત છતાં ફેક્ટરીના વિવિધ માળ પર રહેલી કીમતી મશીનરી અને સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

ફેક્ટરી માલિક જિગર જીવરાજભાઈ રોય દ્વારા કરાયેલા સરવે મુજબ, આગમાં અંદાજે ૩.૧,૭૪,૯૫,૦૦૦નું મોટું આર્થિક નુકસાન થયું છે. જેમાં પ્રથમ માળે રાખેલું કાચું મટિરિયલ 'મોનો યાર્ન' અને બીજા માળ પર રહેલા ૬૦ નંગ મોનો સ્પ્લીટર મશીનો તેમજ યુ.પી.એસ. સિસ્ટમ સંપૂર્ણપણે નાશ પામ્યાં છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આ ભયાનક નુકસાની અંગે ફેક્ટરી માલિકે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ હોવાથી, પોલીસ સચોટ કારણ મેળવવા એફ.એસ.એલ. ની મદદ લેશે. હાલ આ મામલે વધુ તપાસ ઓલપાડ પી.એસ.આઈ. ડી.બી.દેસાઈ કરી રહ્યા છે.

અંકલેશ્વર નગરમાં 40 જર્જરિત મકાનના માલિકને નોટિસ

પાલિકાએ ત્રણ જર્જરિત ઇમારત ઉતારી લીધી

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ચોમાસાના આગમન પૂર્વે શહેર વિસ્તારમાં જર્જરિત મિલકતોના સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સરવે પૂર્ણ થયા બાદ 40 જેટલી જર્જરિત મિલકતો ઉતારી લેવા માટે નોટિસ પાઠવાઈ હતી. સાથે ત્રણ ઈમારતને તાત્કાલિક ઉતારી લેવામાં આવી હતી.

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ચોમાસા પહેલાં શહેરમાં આવેલાં ૪૦ જેટલા જર્જરિત મકાનોના માલિકોને નોટિસ પાઠવવામાં આવી છે. જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને નગરપાલિકાએ આ કાર્યવાહી હાથ ધરી છે. નગરપાલિકા તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૩ અતિ જર્જરિત મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યાં છે. બાકીના જોખમી મકાનો અંગે પણ તંત્ર સતત કાર્યવાહી કરી રહ્યું છે. નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવલાલ કોલડિયા દ્વારા નોટિસ પ્રાપ્ત કરનાર મકાન માલિકોને વહેલી તકે તેમના જર્જરિત મકાનો ઉતારી લેવા સૂચના આપવામાં આવી છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી નહીં કરવામાં આવે તો નગરપાલિકા દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. ચોમાસા દરમિયાન કોઈ જાનહાનિ કે દુર્ઘટના ન સર્જાય તે માટે અંકલેશ્વર નગરપાલિકા તંત્ર એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે અને જોખમી મકાનો સામે કડક પગલાં લઈ રહ્યું છે.

સજીવ ખેતીથી શેરડી પકવતા ખેડૂતોને આર્થિક ફાયદો થશે: કેતન પટેલ

ચલથાણ સુગર ફેક્ટરી ખાતે ગ્રામ પ્રતિનિધિઓની મહત્ત્વની બેઠક યોજાઈ

અંત્રોલી: ચલથાણ સુગર ફેક્ટરી ખાતે ગ્રામ પ્રતિનિધિઓની એક મહત્ત્વની બેઠક યોજાઈ ગઈ, જેમાં ગત સિઝનની સમીક્ષા સાથે આગામી સિઝનની તૈયારીઓ અને સજીવ ખેતી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી., ચલથાણની ગ્રામ પ્રતિનિધિઓની મીટિંગ સોમવારના રોજ સવારે ૯ કલાકે સંસ્થાના ડોરમેટરી હોલ પર મળી હતી, જેમાં આશરે ૨૪૫ જેટલા ગ્રામ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ કેતનભાઈ ચીમનભાઈ પટેલે શેરડી પિલાણ સિઝન ૨૦૨૫-૨૬ ની કામગીરીની વિગતો આપતા જણાવ્યું કે, આ વર્ષે આપણું પોતાનું રોપાણ ઓછું હોવાને કારણે સિઝન ઘણી પડકારરૂપ હતી. આમ છતાં, સભાસદો અને પ્રતિનિધિઓના સહકારથી સંસ્થાએ ૫,૧૧,૫૩૦.૪૨૦ મેટ્રિક ટન શેરડીનું સફળ પિલાણ કરીને ૫,૩૪,૦૯૦ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન મેળવ્યું છે.

આગામી પિલાણ સિઝન ૨૦૨૬-૨૭ની કામગીરી માટે ફેક્ટરીમાં પ્રથમ રોલર મૂકવાની પૂજા વિધિ સંપન્ન થઈ ચૂકી છે અને મિલ શરૂ કરવા માટે રિપેરિંગ તથા મેઈન્ટેનન્સની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. બેઠકમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના સજીવ ખેતીના અભિયાનનો ઉલ્લેખ કરીને પ્રમુખે ખેડૂતોને અપીલ કરી હતી કે તેઓ થોડા વિસ્તારમાં પણ સજીવ ખેતીની શરૂઆત કરે. જમીનમાં જીવામૃત, ઘનામૃત, લીલો પડવાશ અને ડીટ્રેસિંગ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને ખેતી ખર્ચ ઘટાડી શકાય છે અને ઉત્પાદન વધારી શકાય છે. આનાથી ખેડૂત સભાસદોને આર્થિક ફાયદો થશે અને સંસ્થાને પણ પિલાણ માટે વધુ પુરવઠો મળશે. અંતમાં, સંસ્થાની પ્રગતિ અને સભાસદોના પ્રશ્નો અંગે હકારાત્મક ચર્ચા-વિચારણા કરી, ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓનો આભાર માની સભાની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

અંકલેશ્વરની શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં નવા સત્ર સાથે સ્કૂલોમાં નવું શૈક્ષણિક કાર્ય ધમધમતું થતાં વિદ્યાર્થીઓના કોલાહલથી શાળાઓનાં કેમ્પસ ગૂંજી ઊઠ્યાં હતાં. સત્રના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

7 વર્ષ જૂના એટ્રોસિટી કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ છૂટકારો

કરંજ ગામે લગ્નમાં નાચવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીમાં ફરિયાદ નોંધાઈ હતી

સાક્ષીઓ હોસ્ટાઈલ થતાં અને પુરાવાઓના અભાવે બારડોલીની સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

માંડવી: બારડોલીની સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટે વર્ષ-૨૦૧૯ના એક કેસમાં ચુકાદો આપતાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કર્યા છે. ફોજદારી કાયદાના 'શંકાનો લાભ આરોપીને' સિદ્ધાંતને આધારે અપાયેલો આ ચુકાદો અત્યંત મહત્ત્વનો મનાય છે.

પ્રાપ્ત વિગતો અનુસાર માંડવી પોલીસ મથક હદના કરંજ ગામે લગ્નમાં નાચવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીમાં ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપીઓ વિરુદ્ધ આઈપીસી કલમ 325, 504, 506(2), 114, એટ્રોસિટી એક્ટની કલમ 3(1)(r)(s), 3(2)(5-a) તથા જી.પી. એક્ટની કલમ 135 હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, કોર્ટની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. ટ્રાયલ દરમિયાન ફરિયાદી અને મહત્ત્વનાં સાક્ષીઓનાં નિવેદનોમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી હતી. એટલું જ નહીં, કેટલાક સાક્ષીઓ કોર્ટમાં ફરી જતાં (હોસ્ટાઈલ) ફરિયાદ પક્ષને સમર્થન મળી શક્યું ન હતું. આરોપીઓ તરફથી નવસારીના સિનિયર એડ્વોકેટ રાકેશ આર. પરદેશી, માંડવીના અપૂર્વસિંહ પરમાર અને બારડોલીના સેજલ ત્રિપાઠીએ દલીલ કરી હતી કે જૂની અદાવતના કારણે ખોટી રીતે કેસ ઊભો કરાયો છે. બચાવ પક્ષની સચોટ દલીલો અને નબળા પુરાવાઓને ધ્યાનમાં રાખી કોર્ટે તમામ આરોપીઓને આક્ષેપિત ગુનાઓમાંથી નિર્દોષ છોડવાનો હુકમ કર્યો હતો.

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરની ત્રણ રસ્તા શાક માર્કેટમાં સ્વચ્છતા અભિયાન

સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ત્રણ રસ્તા શાક માર્કેટમાં સ્વરછતા અભિયાનની સાથે પ્લાસ્ટિક પ્લોગિંગ અભિયાન હાથ ધરી સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અંગે જનજાગૃતિ ફેલાવવા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શહેરના ત્રણ રસ્તા શાકમાર્કેટ વિસ્તારમાં સફાઈ કામગીરી પણ કરવામાં આવી હતી. નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓએ વેપારીઓને સિંગલ યૂઝ પ્લાસ્ટિકના નુકસાન અંગે માહિતગાર કરી તેનો ઉપયોગ ન કરવા સૂચના આપી હતી. ચકાસણી દરમિયાન વેપારીઓ પાસેથી અંદાજે 10 કિલો જેટલું સિંગલ યૂઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. સાથે જ નિયમોનો ભંગ કરનાર વેપારીઓ પાસેથી દંડની વસૂલાત પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ જીગ્નેશ અંડાદિયા, ચીફ ઓફિસર કેશવ કોલડિયા સહિત સભ્યો અને જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ જગદીશ શાહ તેમજ પાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નાગરિકો અને વેપારીઓને શહેરને સ્વચ્છ, હરિયાળું અને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે સહયોગ આપવા અપીલ કરી હતી.